સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'દાલ-રોટી-છત'માં જ જિંદગી અપાઈ જાય છે!
ને ધીરજ સાથે સહનશક્તિ મપાઈ જાય છે!
છૂપાઈ જાય જિંદગી શ્રમિકોની અંધારાં ઓઢી -
ચઢતી નથી કદી પાટે, પાટે જ કપાઈ જાય છે...

હાઈકુ

શાંતિની શોધે -
કપાય છે જિંદગી -
ચીર નિંદ્રામાં...

લાંબી સફર -
વીતે આટાપાટામાં
મળે ન 'હાશ'!

ચિંતન

દાતા ન દાપયતિ દાપયિતા ન દત્તે યો દાનદાપનપરો મધુરં ન વક્તિ ।
દાનં ચ દાપનમથો મધુરાં ચ વાણી ત્રીણ્યપ્યમૂનિ ખલુ સત્પુરુષે વસન્તિ ॥

ઉપરોક્ત્ શ્લોક 'ડીવાઈન સંસ્કૃત સુભાષિત' માથી લેવામાં આવેલ છે.

જે દાતા છે, તો પોતે આપે છે, પણ અપાવતો નથી, જે અપાવે છે તે પોતે આપતો નથી અને જે પોતે આપે છે અને અપાવે છે, તે મધુર વાણી બોલતો નથી, પરંતુ આપવું, અપાવવું અને મધુર વાણીથી બોલવું એ ત્રણેય ગુણ સત્પુરુષમાં વસેલા છે.

સંત નિર્લેપ હોય છે એ જાતે ધનભંડાર રાખતા નથી આમ છતાં એમની પાસે જ્ઞાનના જેવો ભંડાર છે એમાંથી દાન આપે છે, અથવા અન્ય સશક્ત ધનિકો પાસેતી જરૂરિયાતમંદને અપાવે છે.

મધુર વચન અને સલાહથી પણ એ કોઈને પ્રેરણા આપે છે.

સુવિચાર

- જીવનમાં દુઃખો છે, પરાજયો પણ છે, તેને કોઈ ટાળી ન શકે, પણ સપના સિદ્ધ કરવાની મથામણમાં થોડી લડાઈઓ હારી જવી વધારે સારી છે - **પોલો કોએલા**
- જયારે પાછા ફરી શકાય તેમ નથી હોતું, ત્યારે આગળ કઈ રીતે જઈ શકાય તેની ચિંતા કરવી જોઈએ - **જીવનપાથેય**
- હું નિષ્ફળતાને નિષ્ફળતા તરીકે કયારેય નથી જોતો પણ કેવળ એક રમત તરીકે જોઉં છું જેને મારે જ રમવાની અને જીતવાની છે - **ટોમ હોપ્કીન્સ**
- તમને શું જોઈએ છે તે પૂછવા કે માપવા આજ સુધી કોઈ કસોટી કે સાધન શોધાયા નથી - **રિચાર્ડ બોલેસ**
- બધી જ મર્યાદાઓ સ્વ-આરોપિત છે - **પંચરત્ન**
- શુભજીવનએ સુખી જીવન કરતાં વિશેષ છે, સાર્થક જીવન પણ શુભજીવન કરતાં વિશેષ છે - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : જામફળના કુમળા પાન સાથે કાથો મિક્સ કરી પાનની જેમ ચાવી જવાથી મોઢાના છાલા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજાએ પોતાના રાજયની ફરતે ઊંચી અને મજબૂત દીવાલ ચણાવી દીધી છે. એણે પડકાર ફેંકી ઢંઢેરો પિટાવ્યો. કે મારું રાજય સૌથી સુરક્ષિત છે. મજબૂત દિવાલને કોઈ પ્રવેશી બતાવે તેને ઈનામ મળશે. એક સંતે પડકાર ઝીલ્યો તેમણે કહ્યું, તમારી દિવાલની મજબૂતી કેટલી ખોખલી છે તે સાબિત કરવા માટે એકાદ અઠવાડિયાનો સમય આપો. સંત અને એના શિષ્યએ વેશ બદલ્યો. તેમણે પૈસાદાર શેઠનો વેશ ધારણ કર્યો અને બંને નગરના પ્રવેશદ્વારે પહોંચ્યા. દ્વાર પાળે તેમને પ્રવેશતા અટકાવ્યા. અને કહ્યું, 'તમારી પાસે મંત્રીની પરવાનગી હોય તો જ તમને નગરમાં પ્રવેશ મળી શકશે.' સંતે વિનંતી કરતા કહ્યું, 'અમે દૂરના રાજયથી આવ્યા છીએ ત્યાં અમારો મોટો વેપાર છે. અમારી સાખ ખૂબ ઊંચી છે. અમારે તમારા રાજા સાથે વેપાર અંગે વાતચીત કરવાની છે અમને અંદર દાખલ થવા દો.' દ્વારપાળે આનાકાની ચાલુ રાખી એટલે સંતે તેને ચાંદીની પચાસ અશર્ફી આપવાની તૈયારી દર્શાવી. દ્વારપાળે લાલચનમાં આવીને બંનેને રાજયમાં પ્રવેશ આપી દીધો. સંતે રાજાને મુલાકાત કરી કહ્યું, 'મહારાજ, સુરક્ષા એ નથી કે કિલ્લાની દિવાલ કેટલી મજબૂત છે. વધારે મહત્ત્વની બાબત એ છે કે તમારા માણસો કેટલા ભરોસાપાત્ર છે...' સારાંશ એ છે કે દેશની ભલાઈ માટે ગમે તેટલું મજબૂત વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવે કે કડક કાયદા ઘડી કાઢવામાં આવે, પણ એ બધાની યથાર્થતાનો સઘળો આધાર લોકોની નિયત પર છે.

હવે, જનજીવન પણ પૂર્વવત બનાવીએ...

તંત્રીસ્થાનેથી...

કોઈ પણ અનુષ્ઠાનની એક મર્યાદા હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના સંક્રમણ સામે ઢાલ ધરી દેશમાં તાળાબંધી ફરમાવેલી ત્યારે પ્રજાએ વૈશ્વિક મહામારીથી બચવા એ બંધન જરૂરી હોવાનું માની મનેકમને સ્વીકારી લીધું હતું. 'જાન હૈ તો જહાન હૈ'એ સૂત્રમાં રહેલી મૃત્યુની ભીતિ સામે એ રક્ષણાત્મક પગલું હતું. સંક્રમણ સતત વધતું ગયું અને સવિશેષ દેશનાં મહાનગરોમાં તો મોતનું તાંડવ જ શરૂ થઈ ગયું. દેશના આરોગ્યમંત્રી કહે છે એમ દર સો પોઝિટિવ કેસો પૈકી ત્રણ-ચાર દરદીઓ જ મોતને ભેટે છે, એટલે બીજા સમૃદ્ધ દેશોની સરખામણીએ આપમો મૃત્યુદર ઘણો ઓછો છે. કેસો વધતા જાય છે એમ સાજા પણ થતા જાય છે. આથી કેન્દ્રની નવી રણનીતિ મુજબ હવે પોઝીટીવ દરદીને ત્રણ દિવસ સુધી લાગટ ટેમ્પરેચર ન રહે તો ટેસ્ટ કર્યા વગર જ રજા આપી દેવાનું શરૂ કરાયું છે. બ્રિટનમાં ખુદ વડાપ્રધાન છેક યમદ્વારે દસ્તક દઈ પાછા આવ્યા છે અને મોતના આંકડા વધતા જ જાય છે એટલે લોકડાઉન વધુ લંબાવાઈ રહ્યું છે. અમેરિકા અવઢવમાં છે એને ચીન સામે બદલો લેવાની ચાનક ચડી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના વડાએ ચીનના વડાપ્રધાને વુહાનમાં ફેલાયેલી મહામારી વિશે મૌન રહેવાની ભલામણ કરેલી, એ જર્મનીના ગુપ્તચરોએ શોધી કાઢ્યું છે. આથી પેદા થયેલી પરિસ્થિતિમાં ચીનને પશ્ચિમની દુનિયા અલગ-થલગ પાડી દે એવી સંભાવના નકારી શકાતી નથી. પ્રમાણમાં ભારત માટે કોરોના આર્થિક સંકટ અને બેરોજગારી જ વધારે મોટી સમસ્યાઓ છે. મૃત્યુઆંક નીચો હોઈ આમ આદમી રાહતનો દમ ભરી શકે છે. હવે એને વધુ સમય તાળાબંધીમાં ગોંધાઈ રહેવું પોસાય એમ નથી.

હવે ધીમે ધીમે જનજીવનને પૂર્વવત બનાવવા સૌએ વિચારવું પડશે. આજથી રેલ વ્યવહાર તબક્કાવાર શરૂ થાય છે એ શુભ નિશાની છે. આગામી બે-ત્રણ દિવસમાં વિમાની સેવા પણ આરંભાઈ રહી છે. દેશના ૭૨૦ જિલ્લાઓમાં છેલ્લા બે અઠવાડિયાથી એક પણ કેસ નવો નોંધાયો નથી. ત્યારે અદબ વાળીને બેસી રહેવાનું પોસાય તેમ નથી. લોકડાઉનનો ત્રીજો તબક્કો ૧૭મીએ પૂરો થાય છે. ત્યારબાદ હોટસ્પોટ સિવાયના તમામ વિસ્તારમાં વેપાર-વાણિજ્ય અને ઉદ્યોગની પ્રવૃત્તિઓનો ધમધમાટ શરૂ કરવો જ પડશે. શ્રમિકોના સ્થળાંતર મામલે સો ટકા કાચુ કપાયું છે. ઉદ્યોગો શરૂ કરવાનો સમય આવ્યો ત્યારે પરપ્રાંતિય શ્રમિકોને પોતપોતાના વતનમાં પહોંચાડવા સરકારે કરોડો રુપિયાનું આંધણ મૂક્યું અને આ બધું કર્યા છતાંય હજારો શ્રમિકોનો અસંતોષ હજુ પણ યથાવત છે. ૮૬ શ્રમિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. સેકડો શ્રમિકો ઘરબાર વગરના થયા છે અને અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતા આ વર્ગની અવગણના કરવામાં સરકાર કેમ થાપ ખાઈ ગઈ એ ચિંતાનો વિષય છે. આમ છતાં હજુ મોડું થાય તે પહેલાં ઉદ્યોગો અને વેપાર વાણિજ્યના વહેવારો ઝડપથી પૂર્વવત થાય તો એકાદ મહિનામાં દેશ થાળે પડી શકે તેમ છે.

હજુ આગામી મહિનો કોરોના વાયરસના કેસ વધવાની આગાહીઓ કરનારાની સંખ્યા પણ ઓછી નથી, પરંતુ જયારે મૃત્યુદર અને સ્વસ્થ થવાનો દર સંતોષકારક બની રહ્યો છે ત્યારે કોરોના સાથે જીવવા દેશને તૈયાર કરવો પડશે. કોરોના સામે સાવચેતી કેવી રીતે રાખવી તેનું સતત અને સમયસર સરકાર માર્ગદર્શન આપે અને પ્રજાને તૈયાર કરે એ જ આજના સમયની જરૂરિયાત છે. કોરોનાથી ડરવાની જરૂર નથી પણ સાવચેતીની સંપૂર્ણ જરૂર છે એ સંદેશ અસરકારક રીતે પ્રજાના મગજમાં ઠશાવી જનજીવનને ધબકતું કરવું જોઈએ.

પુસ્તકોમાં સમાયેલા શબ્દોના અજવાળા ભવ્ય જીવન તરફ ગતિ કરાવશે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'શું વાંચન હમણા કરી રહ્યા છો ?' 'આ પ્રશ્ન લોકડાઉનના સમયમાં વધારે પુછાયો...

મોટાભાગે લોકોએ કાંઈને કાંઈ વાંચન કર્યું... પુસ્તકો વાંચવાનો આનંદ લીધો અને જ્ઞાનથી સભર થયા.

મેં પણ થોડા સમય પહેલા ખરીદેલું રોબીન શર્માનું ગુજરાતી અનુવાદનું પુસ્તક ભવ્ય જીવન વાંચ્યું... એની વાત કરવી છે અહીં. નેતૃત્વ વિશેના વિશ્વ વિખ્યાત ગુરુ રોબીન શર્માએ માત્ર ૩૦ દિવસોમાં વ્યક્તિગત અને આધ્યાત્મિક રીતે ભવ્ય જીવન તરફની ગતિ બતાવી છે અને બહુ જ રસપ્રદ શૈલીમાં.

લોકડાઉનના સમયમાં સામાન્ય દિવસો કરતાં વધુ વાંચન થયું. પુસ્તકોના કબાટમાંથી આ પુસ્તક લીધું અને ત્રણેક દિવસમાં પૂરું કર્યું. કેટલીક વાતો જે બારમાસી તાજગી આપનારી હતી એની નોંધ પણ કરી, આ દિવસોમાં કોરોના વાઈરસની અસરના કારણે બાહ્ય દુનિયામાં જે વાતાવરણ હતું એની સામે પ્રેરણા આપે, પોઝિટિવીટી આપે એવું બહુ બધું.... જરા જુદી રીતે લખાયેલું વાચવા મળ્યું. આખી દુનિયાના મોટીવેઓશનલ સ્પીકરો કે લેખકો જે વાતો કહે છે એ જ વાતો એમાં પણ હતી... પરંતુ કદાચ સાંપ્રત વાતાવરણમાં એ વધુ ઉપયોગી અને અસરકારક લાગી...

પુસ્તકમાં આરંભે જ લખાયું છે કે 'જો તમે હાલમાં બહુ ચિંતાગ્રસ્ત હો તો આ નકારાત્મક ટેવને ભૂંસી શકાય. સતત અને શાશ્વત સુધારણાને અપનાવો.' સમયનું મલ્ય બધા જાણીએ જ છીએ પણ અહીં એક વાક્ય અસરદાર છે કે, ભોજન કદાચ ભૂલી જાવ, પણ અંગત વિકાસ માટેના સમયને ભૂલશો નહિ. બહારની સફળતાની શરૂઆત અંદરથી થાય છે.

આ પુસ્તકના પાનાઓ પર પ્રેરક ક્વોટેશન્સ પણ મળી આવે છે.

જેમ કે, 'અતિ કિંમતી વસ્તુઓને કયારેક ઓછી કિંમતી વસ્તુઓની તુલનામાં મુકવી નહિ.'

- જર્મન કવિ જહોન વોન ગોઈથે

'હું એટલી બધી વાર નિષ્ફળ ગયો છું કે મારે માટે માત્ર સફળતા જ બાકી રહી હતી. '

- એડિસન

લેખક રોબિન શર્મા લખે છે કે દરેક દિવસ માટે જીવો અને દરેક ક્ષણ ઉત્સવ કરો. સફળતા એ મુસાફરી છે, અંતિમ મુકામ નથી. એક બહુ મહત્ત્વપૂર્ણ વાત લખે છે કે રોજિંદા વ્યવહારોમાં ૬૦ ટકા સાંભળો અને ૪૦ ટકા બોલો, ગપ્પા મારવા ઉપર કાબુ રાખો અને ફરિયાદો બંધ કરો. લેવા કરતાં આપવાની ટેવ પાડો, મન બગીચા જેવું છે, જેવું તમે વાવશો એવું તમે લણશો.

ભવ્ય જીવનના નિર્માણ માટે લેખકે કેટલાક પ્રયોગો સૂચવ્યા છે. જે આપણે આપણા રોજિંદા જીવનમાં પણ કરી શકીએ.

લખે છે કે, મિત્રોને યાદ કરે, ફોનથી વાત કરો, મિત્રો સાથે ફરવા જાવ, તમારા જીવનસાથીના ટેકેદાર બનો, કસરત કરો, ચાલવાનું નિયમિત રાખો. રોજ અરીસા સામે ઊભા રહીને પાંચ મિનિટ હસો ને એ મુજબ આખો દિવસ વર્તવા પ્રયત્ન કરો. આગામી સમય માટે આયોજનો કરો. એને સાર્થક કરવા પુરુષાર્થ કરો - ઓછું બોલો - તમારા મનના ભયને કોઈ પણ હિસાબે દૂર કરો, મન અને શરીરને સુધારવા સંકલ્પ કરો અને તેમાં વિજયી થાવ. રોજ એક કલાક અંગત, વિકાસ માટે આપો અને રોજ જાતને પૂછો, 'હું મારા સમયનો શ્રેષ્ઠ ઉપયોગ તો કરું છું ને...?'

લોકડાઉન, અને એ પણ આટલા લાંબા સમય માટે, અને એમાં પ્રત્યેક વ્યક્તિએ પોતપોતાના સમયનો યથાયોગ્ય ઉપયોગ કર્યો. પોતાના શોખને સંવર્ધિત કર્યો, સર્જનાત્મક કાર્યો કર્યા - કાંઈક નવું શીખ્યા, વાંચ્યું - લખ્યું - ગીતો ગાયા. રસોઈ કરી, ઘરકામ કર્યા, ફિલ્મો જોઈ, બાળકો અને પરિવાર સાથે રમ્યા... આ બધ્ધામાં એક પ્રવૃત્તિ વાંચનની પણ હતી... પુસ્તકોમાં સમાયેલા શબ્દોના અજવાળા ભવ્ય જીવન તરફ ગતિ કરાવશે એ પૂર્વ શ્રદ્ધા છે.

જિંદગી જબરજસ્ત છે, તેને જબરદસ્તીથી નહીં પરંતુ જબરદસ્ત રીતે જીવી જાણીએ

વિચારયાત્રા
ડો. જય ઓઝા

આજકાલથી નહિ પરંતુ સદીઓથી આપણે બીજા શું વિચારશે તેની જ ફિકર માં રહેતા આવ્યા છીએ.

ખબર છે કોયલ હંમેશા આઝાદ કેમ હોય છે? અને પોપટ હંમેશા પિંજરામાં કેમ હોય છે? કારણ કે કોયલ પોતાની ભાષા બોલે છે, અને પોપટ હંમેશા બીજાની ભાષા બોલતા હોય છે, માટે હંમેશા પિંજરામાં ગુલામ બનીને રહી જાય છે.

આપણે એ સમજવું રહ્યું કે આ કળિયુગ છે અહીં જુઠનો સ્વીકાર કરવામાં આવે છે અને સત્યનો શિકાર કરવામાં આવે છે.

સામાન્ય રીતે આપણને બાળપણથી જ સંસ્કાર આપવામાં આવે છે કે આપણી કલ્પનાશક્તિનું બાળમરણ થઈ જાય છે. ચકા-ચકીની વાર્તાઓ શિશુકાળમાં સાંભળી હોય ત્યારથી કિશોર અવસ્થામાં તો આપણી કલ્પના જ કુંઠિત થઈ જાય છે.

માછલી નદીમાં જ હોય એને આકાશમાં ઉડતી થોડી બતાવાય ? પક્ષી તો આકાશમાં હોય તેણે પાણીમાં તરતા થોડા બતાવાય ? બસ આ જ સમજદારી આપણા મસ્તિષ્કના એ કલ્પનાના વાતાયનને સજ્જડ બંધ કરી દે છે, અને માટે આપણે ક્યારેય જીવનમાં out of the box વિચારી શકતા નથી.

એવું નથી કે આપણને ચમત્કાર જેવું કશું પસંદ નથી જાદુઈ દુનિયા તો ખૂબ પસંદ છે પરંતુ આપણી ઉપર થોપી દેવામાં આવેલી so-called સમજ આપણને રિએક્ટ કરતા અટકાવે છે. નહીંતર હજી આપણામાં તો દિલ તો બચ્ચા હૈ જી વાળો એટીટ્યુડ ક્યાંક જીવી જ રહ્યો છે.

કલ્પના ગમે છે એટલા માટે જ આપણને હેરી પોટરની જાદુઈ સફર રોમાંચિત કરી દે છે અને એટલે જ તો આપણને અત્યારે પણ નાર્નિયા મુવીને લિજ્જતથી માણી શકીએ છીએ. આજ વાત સાક્ષી પૂરે છે કે આપણે કલ્પનામાં વિશ્વાસ તો કરીએ છીએ કરવા માગીએ છીએ પરંતુ વાસ્તવિકતાની બેડિઓએ આપણા પગ અને મન બંનેને રોકી દીધા છે.

આપણે કેટલા સાચા છીએ અને કેટલા ખોટા છીએ તે માત્ર બે જણ કહી શકે છે. પહેલો તો ઈશ્વર અને બીજો આપણો અંતરાત્મા. પરંતુ મજાની વાત એ છે કે આપણે આ બંનેથી અજાણ છીએ.

'જિંદગી જબરજસ્ત છે, તેને જબરદસ્તીથી નહીં પરંતુ જબરદસ્ત રીતે જીવી જાણીએ.'

જીવન ખૂબ ખતરનાક રમત છે. આપણે આપણું વ્યક્તિત્વ કોઈકની નજરો પ્રમાણે બનાવવાની મથામણ કરતા રહીને પોતાની નજર પ્રમાણે તો જીવતા જ નથી. અને ધીરે ધીરે આપણે આપણી જાતને છેતરતા થઈ જઈએ છીએ.

માણસ માણસ થઈને નહીં પરંતુ સમાજ થઈને જીવવાનો પ્રયત્ન કરે છે અને અંગત ક્ષણોમાં જ પોતાની પાસે પ્રગટ થાય છે તે જ તેનો ચહેરો અને ચારિત્ર્ય છે. બીજાઓ આગળ તો એ માત્ર સામેવાળાની ડિમાન્ડ પ્રમાણેનો જ બનવવામાં અને દેખાવામાં રહી જાય છે.

શું કરવું? કેમ કરવું? કોને દેખાડવા કરવું ?આ બધા પ્રશ્ન આપણા દિમાગની જણસ બની બેસે છે. અને આ બધામાં આપણા હૃદયનો ધ્વનિ આપણે અનસૂનો કરે રાખીએ છીએ.

આપણે કોઈને ગમે તેવા પુત્ર, કોઈક ને ગમે તેવા પતિ, કોઈને ગમે તેવા મિત્ર, કોઈને ગમે તેવા વ્યક્તિ બનવાના પ્રયત્નો કરતાં રહેવામાં આપણને ગમે તેવા તો ક્યારે બનતા જ નથી.

લગ્નમાં ખોટો ખર્ચો કરવો જ નથી. હૃદય તો આવું ક્રાંતિકારી પગલું ભરવાનું વિચારતું હોય છે. પરંતુ પછી લોકો શું કહેશે?સમાજ શું કહેશે?એની બીક આપણા આગવા વિચારોને ડામી દે છે.

દસમા ધોરણમાં ૯૦% આવ્યા પરંતુ મારે તો આગળ જઈને ભાષા ઉપર કામ કરવું છે.આવું હૃદય વારંવાર કહેતું હોય, પરંતુ દિમાગ વળી તરત જ હથોડો મારે છે,ના ના આવું તો કરાય લોકો શું કહેશે?

આપણે ભણતરથી માંડીને લગ્ન અને નોકરી, કારકિર્દી બધું જ બીજાની નજરો પ્રમાણે કરવાના ચક્કરમાં બધે જ એડજસ્ટ કરતા ફરીએ છીએ મોજથી જીવવું હોય તો પોતાની વાત સાંભળતા રહો. હા એમાં રિસ્ક જરૂર છે, પરંતુ કદાચ નિષ્ફળતા સાંપડશે. પરંતુ એટલો તો દિલાસો જરૂર રહેશે કે એ નિર્ણય ખુદનો હતો. અને સફળતા મળશે તો 'જોયું ને મેં કહ્યું હતું એમ કર્યું એટલે પરિણામ મળ્યું' એમ કહીને સફળતામાં ભાગ પડાવનારા નહીં હોય. પસંદગી આપણી છે કે, લોકોના ઈશારે બેબી'સ સ્ટેપ ભરીને જિંદગી જીવવી છે કે, પછી પોતાની મરજીથી ઉડતા શીખી લેવું છે.

ભાવનગરના પ્રખ્યાત ગઝલકાર નાઝિર દેખૈયાજીની ગઝલનો એક શેર રજૂ કરીને મારી વાતને વિરમું છું.

'કશું કહેવાને આવ્યો છું હું કરગરવા નથી આવ્યો,
બીજાની જેમ આ જીવન અનુસરવા નથી આવ્યો' .

- jayuoza@gmail.com
Mo.9898046488

રૂપેરી પરદાના રોમાંસ કિંગ ઋષિ કપૂર એમની બિન્દાસ્ત વાતો માટે પણ જાણીતા હતા

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'હેઈઈઈઈ, તુમને કભી કિસી સે પ્યાર કિયા... કભી કિસી કો દિલ દિયા... મેને ભી દિયા...' સિત્તેરના દાયકામાં બોલિવૂડની સિલ્વર સ્ક્રીન ઉપર ઋષિ કપૂર નામના ઝુમતા, નાચતા, ગાતા, રોમાંસ કરતા ચોકલેટી ચહેરાના ગીતની ગુંજ આજે પણ કાનમાં પડઘાય છે ત્યારે રોમાંચીત થઈ જવાય છે. યુવા દિલોની હાર્ટ બીટ વધારી મુકતા આ કલાકારે એ જમાનામાં યુવાનોના રોમાંસની પરિભાષા બદલી નાખી હતી. અઢાર વર્ષની ઉંમરે રાજ કપૂરની ફિલ્મ મેરા નામ જોકરમા રાજના બાળપણનો રોલ કરીને રૂપેરી પરદે ઋષિ કપૂરે એન્ટ્રી મારી હતી. એવું કહેવાય છે કે, કપૂર ખાનદાનની રગોમાં લોહીની જગાએ એક્ટિંગ દોડતી હોય છે. મેરા નામ જોકરમા ઋષિની એન્ટ્રીની કહાની રોચક છે. એક દિવસ સવારે ચા-નાસ્તા માટે રાજ કપૂર, પત્ની ક્રિષ્ના અને દીકરા ઋષિ સાથે ડાઈનિંગ ટેબલ પર બેઠા હતા ત્યારે રાજે પત્ની ક્રિષ્નાને પૂછ્યું, 'જોકરમાં મારા બાળપણના રોલ માટે ઋષિને લેવાની ઈચ્છા છે. તારો શું અભિપ્રાય છે ?' પિતાના આ શબ્દો સાંભળતાં બટર ટોસ્ટ મોંમાં મૂકતા ઋષિની આંખો પહોળી થઈ ગઈ. પણ દેખાવ એવો કર્યો કે, જાણે આ વાતની એને બહુ ગંભીરતા નથી. પત્ની ક્રિષ્નાએ રાજને કહ્યું, ચિંટુનો અભ્યાસ ન બગડે તો મને કોઈ વાંધો નથી.' ચા નાસ્તો પૂરો કરીને એક શ્વાસે રુષિ દોડતો એના બેડરૂમમાં ગયો અને ટેબલનુ ડ્રોઅર ખુલીને પેન-પેડ કાઢીને પેડના પાનાઓ ફટાફટ ફેરવતો જાય અને પાને-પાને ઓટોગ્રાફ આપવાની પ્રેક્ટિસ કરતો જાય. ફેન્સને ઓટોગ્રાફ આપવાની નાદાનિયત ભરેલી પ્રેક્ટિસ સાચે સાચ ચિંટુને ભવિષ્યમાં કામ લાગી.

કપૂર ખાનદાનની ત્રીજી પ્રભાવક પેઢીનું મજબૂત કિરદાર એટલે ઋષિ કપૂર. પૃથ્વીરાજ કપૂરના પુત્ર રાજ કપૂર. રાજ કપૂરના પુત્ર રીશી કપૂર. મુંબઈના ચેમ્બુરમાં ૧૯૫૨માં ઋષિ કપૂરનો જન્મ થયો. કૈંપિયન સ્કૂલ અને મેયો કોલેજ અજમેરમાં ચિંટુએ શાળાકીય અભ્યાસ કર્યો. ઋષિના પરિવારમાં ભાઈ રણધીર અને રાજીવ, મામા પ્રેમનાથ અને રાજેન્દ્રનાથ, કાકા શશી અને શમ્મી બધા જ આલા દરજ્જાના અભિનેતા. રિશીની આસપાસ-ચોપાસ એક્ટરો અને એક્ટિંગનો જ માહોલ. ભાઈ રણધીર સ્કૂલમાં 'છેટે સે ચિંટુ મીયા, લંબી સી પૂંછ...'વાળુ ઉખાણુ સાંભળીને આવ્યા, એ સાંજથી નાના ભાઈને ચિંટુ કહેવા માંડ્યા. પછી તો આખુ પરિવાર ઋષિને લાડથી ચિંટુ જ કહેવા લાગ્યો.

આ વર્સેટાઈલ એક્ટરના વૈચારિક પ્રવાહના બદલાવને સમજવા માટે બે પ્રસંગો ખોલવા પડે. વર્ષ ૧૯૭૦માં રાજ કપૂર અભિનીત અને નિર્દેશિત 'મેરા નામ જોકર' જબરજસ્ત પિટાઈ ગઈ. રાજ કપૂર આર્થિક રીતે બિલકુલ બેહાલ થઈ ગયા હતા. રાજ કપૂર રીતસરના રોડ ઉપર આવી ગયા હતા. તેમનો સુપ્રસિદ્ધ આર.કે. સ્ટુડિયો પણ ગીરવે મુકવાની નોબત આવી ગઈ હતી. રાજ કપૂરને હાર સ્વીકાર ન હતી. એમણે જોકરની નિષ્ફળતા પળવારમાં ખંખેરી નાખી. એક નવા પ્રોજેક્ટ ઉપર કામ કરવાનું એમણે શરૂ કરી દીધું. આ પ્રોજેક્ટ એટલે બોબી. તેના નામ ઉપરથી જ સ્પષ્ટ થતું હતું બોબી હિરોઈન પ્રધાન ફિલ્મ હતી. હિરોઈન તરીકે ડિમ્પલની પસંદગી થઈ ચૂકી હતી. હીરો માટે એક મૂછનો દોરો ન ફૂટયો હોય એવા યુવાનની જરૂર હતી. આર્થિક તંગીના કારણે બીજે કશે ફાંફા માર્યા વગર રાજે ૧૯ વર્ષના યુવાન પુત્ર ઋષિને બોબી ફિલ્મના હીરો માટે કાસ્ટ કરી લીધો.

સ્ટાર પુત્રની ધમાકેદાર એન્ટ્રી જેવો કોઈ માહોલ ન હતો. કોઈ તામજામ કે ગ્રાન્ડ પબ્લિસિટી વગર ઋષિ કપૂર ફિલ્મોમાં આવ્યાં. હકીકત તો એ જ હતી કે, જોકરની ખોટ ભરપાઈ કરવા બનાવવામાં આવેલી ફિલ્મમા અનાયસે ઋષિ કપૂરની એન્ટ્રી હતી. વર્ષ ૧૯૭૩માં આવેલી બોબી ફિલ્મ સુપર હિટ ગઈ. બોબીએ કપૂર ખાનદાનની આર્થિક સંકડામણ એક ઝાટકે દૂર કરી નાખી. રાજને એ વખતે મિત્રોએ સમજાવ્યા કે, અત્યાર સુધી તો ચાલ્યું પણ હવે નહીં ચાલે. બાળકો મોટા થઈ ગયા છે. એક ઘર લઈ લો. રાજ કપૂરે મિત્રોની સલાહ માની અને બોબી પછી વર્ષ ૧૯૭૪માં પોતાનું ઘર લીધું. એ પણ હકીકત છે કે, વીસ વર્ષનો લબરમૂછિયો ચોકલેટી ચહેરાવાળો ઋષિ કપૂર બોબીની સફળતાથી રાતોરાત સ્ટાર બની ગયો. ૨૦ વર્ષના ઋષિ કપૂરની નાદાનિયતની વાત છે. બોબીની સફળતા બાદ એક દિવસ ઋષિના બંગલે એ જમાનાના એક સુપ્રસિદ્ધ નિર્દેશક ફિલ્મમાં સાઈન કરવા માટે આવ્યા. ફિલ્મની વાર્તા સાંભળીને ઋષિએ નિર્દેશકને કહ્યું, 'હિરોઈનવાળો રોલ હું કરીશ.' નિર્દેશક તો ચોંકી ગયા. હિરોઈનવાળો રોલ મેઈલ કેરેક્ટર કેવી રીતે કરી શકે? પણ નાદાન ઋષિ કપૂરના દિમાગમાં બોબીનો નશો છવાયેલો હતો. સફળતા ઋષિ ઉપર સવાર થઈ ગઈ હતી. નાદાનિયતમા એણે નિર્દેશકને ભારે વિમાસણમાં મૂકી દીધા હતા.

જેમ જેમ સમય વીતતો ગયો એમ એમ એક પછી એક હિટ ફિલ્મોએ ઋષિ કપૂરને મેગાસ્ટાર બનાવી દીધો. કર્ઝ, હમ કિસી સે કમ નહીં, ચાંદની, નસીબ, દામિની જેવી હિટ ફિલ્મો ઋષિ કપૂરે આપી. ફિલ્મોની સાથે-સાથે ઋષિ કપૂરના જીવનમાં પણ હવે મેચ્યોરિટી આવવા લાગી હતી. ૨૦૦૦ના દશકમાં આવેલી મુલ્ક, ડી-ડે, ૧૦૨ નોટ આઉટમાં ઋષિ કપૂરના અભિનયના ઓજસ ભૂલી શકાય એવા નથી. ૯૦થી વધુ ફિલ્મોમાં રોમેન્ટિક રોલ કરી ચૂકેલા ઋષિ કપૂરે વર્ષ ૨૦૦૦ના આરંભમાં કહ્યું હતું કે, 'મારી કેરિયરના પ્રથમ અઢી દાયકા તો ટીશર્ટ અને રંગબેરંગી જેકેટ્સ પહેરી હિરોઈનો સાથે સ્વિટ્ઝરલેન્ડમાં ગીતો ગાવામાં કાઢી નાખ્યા અને લોકોને ખૂબ બેવકૂફ બનાવ્યા. એક્ટિંગ તો હું હવે કરી રહ્યો છું. ઋષિ કપૂર અને નીતુ સિંહે સાથે ૧૫ જેટલી ફિલ્મોમાં સાથે કામ કર્યું.

બહુ ઓછાને ખબર હશે કે ઋષિ કપૂર માત્ર ત્રણ વર્ષના હતાં ત્યારે સૌથી પહેલા કેમેરો ફેસ કર્યો હતો. રાજ કપૂર અને નરગીસની મુખ્ય ભૂમિકાવાળી શ્રી ૪૨૦ ફિલ્મના 'પ્યાર હુઆ, ઈકરાર હુઆ...' ગીતમાં ઋષિ કપૂર સ્ક્રીન પર દેખાયા હતા. ઋષિ કપૂર પુત્ર રણબીરથી ખાસ ખુશ ન હતા. એ કહેતા કે, 'હું જાણું છું કે, હું એક મહાન કલાકારનો દીકરો છું પણ મને ખબર નથી કે, હું એક મહાન કલાકારનો બાપ પણ છું કે નહીં.' પુત્ર રણબીરની ફિલ્મો વિશે એ કહેતા કે, 'મેં રણબીરની ફિલ્મો જોઈ છે પણ મને તેની કોઈ ફિલ્મ ગમી નથી.' રિશી કપૂરની આત્મકથા 'ખુલ્લમખુલ્લા ઋષિ કપૂર અનસેન્સર્ડ' ૧૫મી જાન્યુઆરી ૨૦૧૭માં પ્રકાશિત થઈ હતી.

ઋષિની મેચ્યોરિટીના એક પ્રસંગની વાત છે. લિજેન્ડરી એક્ટર હેન્ડસમ વિનોદ ખન્નાના નિધન વેળા ઋષિ કપૂરે સોશિયલ મીડિયા ઉપર મૂકેલી પોસ્ટે લોકોના હૃદયને હચમચાવી મૂક્યા હતા. ૨૦૧૭માં વિનોદ ખન્નાના નિધન બાદ તેમના અંતિમ સંસ્કારમાં ખૂબ ઓછા લોકો પહોંચ્યા હતા. નવી જનરેશનનો એક પણ કલાકાર આવ્યો ન હતો. આ વાતને લઈને ઋષિ કપૂર નવી પેઢી ઉપર ખુબ નારાજ થઈ ગયા હતા અને બેક-ટૂ-બેક ટ્વીટ કરીને હૈયાવરાળ કાઢી હતી. એક ટ્વીટમાં તેમણે લખ્યું કે, 'શરમજનક ! નવી જનરેશનનો એક પણ એક્ટર વિનોદ ખન્નાની અંતિમ યાત્રામાં પહોંચ્યો નહીં. કેટલાક તો તેમની સાથે કામ પણ કરી ચૂક્યા છે. સન્માન આપતાં તો શીખવું જ જોઈએ.' બીજી ટ્વીટમાં તેમણે લખ્યું કે, 'આવું કેમ ? જ્યારે હું મૃત્યુ પામુ ત્યારે મારે મારા મોત માટે તૈયાર રહેવું જોઈએ. કોઈ મને કાંધ નહીં આપે. હાલના એક્ટર્સથી હું ખૂબ નારાજ છું.